# ઈસુ માનવદેહે અવતર્યો

## નાતાલનો અને ઈસુના દેહધારીપણાનો ઊંડો અર્થ શોધો.

### ૧. નાતાલ અને પ્રભુ ઈસુનું દુઃખ સહન કરવાનો ઊંડાણ પૂર્વકનો અર્થ

**પ્રાર્થના :** વહાલા ઈસુ, તમે દેવ અને માણસ બંને છો તે અજાયબ સત્યની પ્રસંશા કરવા માટે મારી સહાય કરો. તમારામાં દેવત્વ અને મનુષ્યત્વ બંને સમાયેલા છે અને તેથી પિતાનું અમારે માટેનું સર્વોચ્ચ દાન તમે છો તે બીજાને સમજાવવા માટે મારી સહાય કરો.

**પૂર્વભૂમિકા :** જો તમે પ્રભુ ઈસુના જન્મની ઐતિહાસિક હકીકત હજુ જાણતા નથી તો કૃપા કરીને લુક ૧,૨ અને માત્થી ૧,૨ અધ્યાયો વાંચી જાઓ. બાળકોનો ક્રિસ્ટમસ અંગેનો અભ્યાસ લુક ૧,૨ અધ્યાય પરથી બનેલા એક નાટકનો પણ સમાવેશ કરે છે.



સેંકડો વર્ષો પૂર્વે યશાયાહે પ્રભુ ઈસુ વિષે ભવિષ્યવચન કહ્યું. તારનાર શું કહેવાશે તે યશા. ૭:૧૪ માં આપેલું છે. તે શોધો. તેનો જવાબ છે. 'ઈમાનુએલ' જેનો અર્થ છે 'દેવ આપણી સાથે.'

ઈસુના બે સ્વભાવ છે. દેવનો સ્વર્ગીય સ્વભાવ અને માણસનો દૈહિક સ્વભાવ. માનવજાત અને સૌથી પવિત્ર, સર્વશક્તિમાન દેવ વચ્ચે પ્રભુ ઈસુ સેતુ છે.

- યોહાન ૧:૧-૩ માં ઈસુના બે સ્વભાવોમાંનો ક્યો સ્વભાવ દેખાય છે ?
- યો. ૧:૧ માં જણાવ્યા પ્રમાણે પ્રભુ ઈસુ સનાતન શબ્દ છે. તો યો ૧:૭ માં તે શું બન્યો તેમ કહેલું છે ?
- પ્રભુ ઈસુ જનમ્યા તે પહેલાં તેમનું અસ્તિત્વ હતું કે નહી તે યો ૧:૧-૩ માં શોધો.
- હેબ્રી ૨:૧૪ અને ૧૫ માં ઈસુના બે સ્વભાવોમાંનો ક્યો સ્વભાવ દેખાય છે ?

આપણા દૈહિક સ્વભાવની સમાનતામાં આવીને ઈસુએ આપણને કોનાથી બચાવ્યા છે ? હે.૨:૧૪,૧૫ માં જવાબ, માણસ બનીને ઈસુએ આપણને શેતાનથી છોડાવ્યા છે.

- ગલા. ૪:૩-૭માં શોધો કે આપણા જેવો માણસ બનીને ઈસુએ આપણને શું બનવા શક્તિમાન કર્યા છે ?

  જવાબ - દેવ આપણી જેમ માનવ જન્મ પામ્યા માટે તે આપણા બદલામાં મરણ પામી શક્યા અને આપણને દેવના દીકરા બનાવી શક્યા જેને કારણે આપણે સ્વર્ગીય પિતાના આશિર્વાદો મેળવીને, આપણે ખ્રિસ્તની સાથે વારસાના ભાગીદાર બની શક્યા.

### ૨. તમારા સાથીદારો સાથે ખાસ નાતાલ પ્રવૃત્તિઓનું આયોજન

- નાતાલ વખતે કેટલાક વિશ્વાસીઓ મિત્રોના ઘેર જઈને નાતાલ ગીતો ગાઈ શકે.
- બીજાઓ ગરીબ પાડોશીઓ માટે ભેટો અને ખોરાક વિતરણ કરે.
- ઈસુનો જન્મ ઉજવવા માટે બીજા વિશ્વાસીઓ, મિત્રો કે સગાઓ સાથે ભોજન કે પાર્ટી રાખો.

### ૩. નાતાલ ઉજવણી નું આયોજન કરો. સ્થાનિક રિવાજો સાથે સુસગંત પ્રવૃત્તિઓ પસંદ કરો.

બાળકોએ જે તૈયાર કર્યું હોય તે તેમને રજુ કરવા દો.

ખ્રિસ્ત જન્મની આગાહીઓ. જ્યારે તમે આગાહી બોલો ત્યારે તે શાસ્ત્રભાગમાંથી વાંચનારા મદદગારોને તૈયાર રાખો. સમજાવો કે જૂના કરારના પ્રબોધકોએ ખૂબ પહેલા ખ્રિસ્ત જન્મની ભવિષ્યવાણીઓ કરી હતી. તેઓએ ભવિષ્યવાણી કરી હતી કે

માનવજાતનો આવનાર મસીહ-

- એટલે સ્ત્રીનું સંતાન સર્પનું એટલે શેતાનનું માથું છુંદશે. ઉતઃ૩ઃ૧૫
- ઈબ્રાહીમનું સંતાન સર્વ દેશોને આશીર્વાદ આપશે. ઉત.૧૨ઃ૧-૩ અને ૭
- તે યહુદાહના કુળમાં આવશે. ઉતઃ ૪૯ઃ૧૦
- મુસાની સરખામણી કરનાર પ્રબોધક આવશે જેનું લોકોએ સાંભળવું પડશે. પુનઃ૧૮ઃ૧૫
- દાઉદ રાજાનો વંશજ કે જેનું રાજ સદાકાળ ચાલશે. યશા. ૯ઃ૬-૭
- બેથેલેહેમમાં જન્મ લેશે મિખા.૫ઃ૨
- કુંવારીકાને પેટે જનમશે જેનું નામ ઈમાનુએલ હશે. યશા. ૭ઃ૧૪

આપણે ઈસુને શા માટે ઈમાનુએલ કહીએ છીએ અને તેને બે સ્વભાવ કઈ રીતે છે  તે સમજાવો.

જ્ઞાની માણસોએ (માગીઓએ) બાળ ઈસુની મુલાકાત લીધી.

- માત. ૨માંની વાર્તા તમે કે કોઈ મદદગાર વાંચો અથવા કહી જાઓ.
- આ જ્ઞાની માણસોને ખાતરી થઈ કે ઈસુ દેવ તરફથી મોકલાએલો ખાસ રાજા છે તે સમજાવો.
- ઘણો ખરાબ માણસ ચાહતો ન હતો કે ઈસુ જીવીત રહે તે ખરાબ માણસ કોણ તે પૂછો.
- આજે તેવા જ ખરાબ માણસો હેરોદ રાજાની માફક દેવનો નકાર કરીને તેના લોકને હાનિ કરવાનું કેવી રીતે શોધ્યા કરે છે ?
- ભરવાડોને ઈસુ ગભાણમાં સૂતેલા મળ્યા. જ્ઞાની માણસોને તેઓ કયાં મળ્યા ? જવાબ -ઘરમાં
- બાઈબલમાં આપ્યું નથી કે માગીઓ કેટલા હતા પણ તેઓ કેટલી ભેટો લાવ્યા તે લખેલું છે. કેટલી ભેટો હતી ?

કરારકોષનું હરણ થયું તે વાર્તા ૧ શમૂ.૪-૬ અધ્યાયો પ્રમાણે કહો. પહેલાં એ સમજાવો કે કરારકોષ શું હતો.

- પ્રભુ ઈસુના જન્મ પહેલાં , ઈસુના તારણના કાર્યના મહત્વના પાસાઓને સમજાવવા માટે દેવ જગીક પ્રતીકોનો ઉપયોગ કરતા હતા. કરારકોષ દ્વારા દેવની હાજરી માણસો મધ્યે દર્શાવાતી હતી. જ્યારે ઈસુનો જન્મ થયો ત્યારે દેવ આપણી મધ્યે વસવાટ કરવા મનુષ્યરૂપે આવ્યા એટલે હવે  કરારકોશરૂપી  પ્રતિકની જરૂર રહી નથી.
- કરારકોશ એ મોટી પેટી હતી, તેમાં શિલાપાટો ઉપરદેવે દસ આજ્ઞાઓ લખી હતી. આ દસ આજ્ઞાઓ જૂના કરારનો પાયો છે અને તે કરાર ઈસ્ત્રાએલ પ્રજા સાથે કરવામાં આવ્યો હતો.  પ્રભુ ઈસુ તે પવિત્ર પેટીની માફક દેવનો નિયમ પોતાના હૃદયમાં રાખે છે.  તેઓ હંમેશા દેવપિતાની આજ્ઞા પાળતા.
- કરારકોશની પેટી લાકડાંની બનેલી હતી અને સોનાથી મઢેલી હતી. હઝ. ૧૦ :૪ માં હઝકીએલ પ્રબોધકે દેવનું ગૌરવ તેના ઉપર દશ્ય રીતે જોયું. એ જ પ્રમાણે યોહાન અને પ્રેરિતોએ ખ્રિસ્તમાં દેવનો મહિમા જોયો. (યો. ૧ :૧૪)



- આ કરારકોશના ઢાકણા ઉપર ચોખ્ખા સોનાના બનાવેલા બે કરૂબો (શક્તિમાન દૂતો) બે છેડે હતા કે જેમની પાંખો ઢાંકણા ઉપર પ્રસારેલી હતી. આવા કરૂબોનો શાસ્ત્રમાં જ્યારે ઉલ્લેખ થાય છે ત્યારે સર્વસમર્થ દેવની હાજરી બતાવવામાં આવે છે. ૧ શમૂ. ૧ :૪ના વાર્તાના મુખ્ય મુદ્દાઓ જ કહો.
- ઈસ્ત્રાએલનું સૈન્ય પલિસ્તીઓ સામે હારતું હતું અને તેઓએ આ પવિત્ર કોષ યુદ્ધ ક્ષેત્રમાં લઈ જવાનો નિર્ણય કર્યો કે દેવ તેમને લડાઈમાં મદદ કરે.

- દેવે આજ્ઞા કરી હતી કે કરારકોષ મુલાકાતમંડપમાં પરપપવિત્રસ્થાનામાં રાખવો કેવળ પ્રમુખ યાજક વર્ષમાં એક વખતે પવિત્ર લોહી સાથે તેની સમક્ષ હાજર થઈ શકતો.
- ઈસ્રાએલના દેવે લડાઈમાં પ્રવેશ કર્યો છે તે વાતથી પલિસ્તીઓ કાંપી ગયા હતા. આમ છતાં તેઓએ કઠોર લડત આપી અને કરારકોષનું હરણ કરી ગયા.
- પ્રમુખ યાજક એલીએ જ્યારે આ સાંભળ્યું ત્યારે તેને એટલો આઘાત લાગ્યો કે તે ચત્તોપાટ પડી ગયો અને મરણ પામ્યો.
- પલિસ્તીઓએ હરણ કરેલો આ કરારકોષ પોતાના મત્સ્ય દેવ દાગોનના મંદિરમાં મૂકયો.
- ત્રીજે દિવસે દાગોન પડી ગયો અને તેનું મત્સ્ય માથું ભાંગી ગયું. એજ પ્રમાણે પાછળથી ઈસુ જ્યારે મરી ગયેલામાંથી ત્રીજે દિવસે પાછા ઊઠ્યા ત્યારે તેણે ઘરડા સર્પનું માથું છુંદયું.
- દાગોન આપણને એ માછલીની યાદ અપાવે છે કે જેણે ત્રીજા દિવસે યૂનાને જીવતો ઓકી કાઢવો પડયો હતો.
- જ્યારે પલિસ્તીઓને પીડાકરક ગાંઠો નીકળી ત્યારે તેમણે કરારકોષ એક ગાડામાં મૂક્યો અને હાંકનાર વગર બે ગાયો બાંધીને જવા દીધો કે દેવ આ ગાયોને ઈસ્ત્રાએલમાં લઈ જાય છે કે નહિ તે ખબર પડે.
- જ્યારે કરારકોષ સોનાની ચળકતી પાંખો સહિત ઈસ્ત્રાએલમાં પાછો ફર્યો ત્યારે ખેતરમાં કામ કરતા ઈસ્ત્રાએલીઓ તે જોઈને આનંદિત થયા. એજ પ્રમાણે ખ્રિસ્ત મરણમાંથી સજીવન થઈને આવ્યો ત્યારે શિષ્યો આનંદિત થયા હતા.

યોહાન ૧ :૧૪ **મુખપાઠ કરો.**

બે કે ત્રણના **જૂથ બનાવી**ને પ્રાર્થના અને પ્રવૃત્તિઓનુ આયોજન કરો. વિશ્વાસથી પુનરુત્થાન પામેલો ખ્રિસ્ત જે ઈમાનુએલ છે એટલે કે દેવ આપણી સાથે, તેને જોવા માટે દેવની સહાય માંગો. તેની સાથેના સંબંધો વૃદ્ધિ પામે માટે પ્રાર્થના કરો અને એકબીજા માટે પ્રાર્થના કરો.

**પ્રભુની મેજની સેવા** માટે યો. ૧ :૧-૩ અને ૭ વાંચો.

- સમજાવો કે પ્રભુ ઈસુ દેવનો જીવંત શબ્દ છે કે જે માણસ બન્યો. તે અદશ્ય દેવની દશ્ય પ્રતિમા બન્યો. (કોલો. ૧:૧૫-૧૭ અને યો. ૧ :૧૪)
- આ અજાયબ દેહધારીપણાનું પ્રતિબિંબ પ્રભુની મેજમાં છે.જ્યારે આપએ રોટલી ખાઈએ છીએ ત્યારે પ્રભુ ઈસુ માનવી શરીરમાં જન્મ પામ્યા તેની યાદ અપાવે છે. સર્વ માણસોના પાપ ઢાંકવા માટે તેમણે માનવી લોહી વહેવડાવ્યું. આ બાબત વધારે સમજવા માટે ૧ તિ. ૨ :૬ અને ૭ અને ૧ યો. ૨ :૨ વાંચો.

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timothy.net